
### ‘Homes Without Windows’


# કર્મશીલ - લેખકના આત્મકથાનકમાં દૃશ્યમાન થતું ગુજરાતનું સમાજજીવન...

હાલમાં અંગ્રેજી ભાષામાં ‘Homes Without Windows’નામનું પુસ્તક પ્રકાશિત થયું છે. આ પુસ્તક અનુવાદિત છે અને તે ગુજરાતી ભાષાના અગ્રંથસ્થ આત્મકથાનક નિબંધોમાંથી અનુવાદિત થયું છે. લેખક જાણીતા કર્મશીલ અને જાહેર જીવનનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરનારા ચંદુ મહેરિયા છે. પુસ્તકનો અનુવાદ પ્રતિભાવાન હેમાંગ અશ્વિનકુમાર દ્વારા થયો છે. હાલમાં ચંદુ મહેરિયાને વાંચવાનું ઠેકાણું ‘સંદેશ’અખબારમાં અર્ધસાપ્તાહિક પૂર્તિમાં આવતી ‘ચોતરફ’ કોલમ છે. આ ઉપરાંત તેમના લેખો નિયમિત રીતે ‘ઓપિનિયન’નામના પોર્ટલ પર પણ મુકાય છે. ચંદુભાઈની ઓળખ માત્ર લેખક તરીકેની નથી; તેઓને આપણી આસપાસના સમાજજીવનને સૂક્ષ્મ રીતે જોનારા નિરીક્ષક પણ કહી શકાય.

ચંદુભાઈના લખાણ અને તેમના જીવનના અનુભવ વિશે પુસ્તકમાં જાણીતા લેખક-કર્મશીલ-સંશોધકોની નોંધો છે અને તે નોંધોથી પુસ્તકના વિષયવસ્તુનો આછો પરિચય પણ મળે. પરંતુ તેમનો ખરો પરિચય તો ચંદુભાઈના પોતાના લેખો જ છે. આ લેખો હાલમાં પુસ્તક સ્વરૂપે ગ્રંથસ્થ નથી એટલે તે વાંચવા હોય તો જ્યાં તે પ્રથમ વાર પ્રકાશિત થયા હતા તે સાર્થક પ્રકાશનના ‘સાર્થક જલસો’ના અંકો જ મેળવવા પડે. ‘Homes Without Windows’માં કુલ અગિયાર પ્રકરણ સમાવિષ્ટ છે અને તેનું પ્રથમ પ્રકરણ ‘મેયર્સ બંગલો’છે. આ લેખ હજુ પણ ‘દલિત અધિકાર’સામયિકમાં ઑનલાઈન પીડીએફમાં વાંચવા મળે છે. ચંદુભાઈએ તેમાં પોતાના જીવનના જ્યાં શરૂઆતનાં વર્ષો વિતાવ્યાં તે અમદાવાદ પૂર્વના રાજપુર વિસ્તારમાં આવેલા ઘરના અનુભવો આલેખ્યા છે. સામાન્ય રીતે પોતાની આવી સ્થિતિને વર્ણવવાનું ટાળે તે ચંદુભાઈએ શબ્દબદ્ધ કર્યું છે. અને તે વિશે જાણીતા પત્રકાર ઉર્વીશ કોઠારી લખે છે તેમ ‘તેમનું લેખન વીંધી નાખનારું છતાં કડવાશ વિનાનું’છે. ‘મેયર્સ બંગલો’માં તેઓ લખે છે : ‘જ્યારથી ગાંધીનગરમાં રહેવા આવ્યો છું ત્યારથી બે જ બાબતોનાં સ્વપ્ન આવે છે : કાં પોલીસનાં કાં જાજરૂનાં. શ્રમજીવીઓની સદા વિસ્તરતી વસાહતો સમી અમદાવાદની પૂર્વપટ્ટીનો રાજપુર વિસ્તાર એ મારું ઘર-ગામ કે વતન. બાપા કહેતા મજૂરી ન મળી એટલે તો ગામ છોડવું પડ્યું. પછી જ્યાં રહીએ ત્યાં ગામ. બાપા રખિયાલની ગંજીફરાક મિલમાં મજૂરી કરે. પૂર્વ અમદાવાદમાં મિલ-કારખાનાના એક એક ભૂંગળાના છાંયે એક-એક ચાલી. આવી જ એક ચાલી તે રાજપુર-ગોમતીપુરની અબુ કસાઈની ચાલી. ત્યાં મારું ઘર.’આ લખાણમાં તાદૃશ્ય ચિત્ર ખડું થાય છે અને તે ચિત્ર ચંદુભાઈની કલમ શબ્દેશબ્દે આલેખી શકે છે. અહીંયાં રહેતા અને કૉલેજમાં ભણતાં યુવાન-યુવતીઓની સ્થિતિ વિશે ચંદુભાઈ આગળ લખે છે : ‘અમારા આ જાજરૂ પાસે હીરાલાલની ચાલીનું બસસ્ટોપ. એ.એમ.ટી.એસ.ની બસ જાજરૂ પાસે જ ઊભી રહે. આસપાસની ચાલીના કૉલેજ જતાં છોકરાં-છોકરીઓ જાજરૂની લાઈનમાં ઉભા હોય કે હાથમાં ચંબુ પકડીને જતાં-આવતાં હોય ત્યારે બસમાં બેઠેલા પોતાના સવર્ણ સહાધ્યાયીઓથી કેવા લપાતા-છુપાતા તે નજરે જોયું છે. રખિયાલ-ગોમતીપુર ગામનાં સવર્ણ છોકરા-છોકરીઓ અમારા જાજરૂવાળા બસ સ્ટૉપને ‘હોલિવુડ’કહેતાં. કૉલેજમાં જતાં છોકરા-છોકરીઓને આ બસ સ્ટૉપ પર ઊતરતાં ભારે શરમ લાગે એટલે કાં તો કામદાર મેદાન ઊતરે કે પછી ગોમતીપુર, ને ત્યાંથી ચાલતા-ચાલતા ઘરે આવે.’

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે



**આવી જ એક ચાલી તે રાજપુર-ગોમતીપુરની અબુ કસાઈની ચાલી. ત્યાં મારું ઘર.’આ લખાણમાં તાદશ્ય ચિત્ર ખડું થાય છે અને તે ચિત્ર ચંદુભાઈની કલમ શબ્દેશબ્દે આલેખી શકે છે**

ચંદુભાઈના જીવનના દરેક તબક્કાને જોઈએ તો તેમાં સંઘર્ષ સર્વત્ર દેખા દે છે. પરંતુ તેમણે સંઘર્ષ પ્રત્યેનું જે વલણ રાખ્યું છે તેનાથી જ આ સાહિત્ય રચાયું છે. તેમની કિશોરવયમાં તેઓ કેવી રીતે કેળવાયા તેનો ઉલ્લેખ ‘સભાપર્વ : રાજપુરથી રાજસભા સુધી’નામના પ્રકરણમાં મળે છે. અહીંયાં તેમણે જે રીતે પોતાના ઘરની આસપાસના માહોલનો ઉલ્લેખ કર્યો છે તેમાં ક્યાંક તેટલા પૂરતો આપણને ઈર્ષ્યાભાવેય આવી જાય. તેઓ લખે છે : ‘આઝાદી પછીના ત્રણ-સાડા ત્રણ દાયકા રાજપુરમાં ગાંધીવાદી-આંબેડકરવાદી-સામ્યવાદી ચળવળોથી ભર્યા ભર્યા હતા. રાજપુરની હીરાલાલની ચાલીના નવરાત્રિ મહોત્સવમાં દર વરસે કોઈ વિશિષ્ટ મહાનુભાવ અને તે પણ બિનદલિત અવશ્ય આવતા. અહીં જ રાજ્યપાલ શ્રીમન્નારાયણ અને કે. કે. વિશ્વનાથન, અમદાવાદના ગાંધીવાદી મેયર કૃષ્ણવદન જોશી અને બેસ્ટ પાર્લમેન્ટરિયન [ઉત્તમ સાંસદ] પુરુષોત્તમ માવળંકરને સાંભળવાના થયા. વસંતલાલ ચૌહાણ અને આનંદ પરમાર ઉત્થાન સંસ્થાના ઉપક્રમે અનેક વક્તાઓને રાજપુરમાં વક્તવ્યો માટે બોલાવતા. એસ. આર. ભટ્ટ અને ઉમાશંકર જોશી, ઈશ્વર પેટલીકર અને દિનકર મહેતા - આ બધાને રાજપુરની સડકસભામાં જ સાંભળીને મોટો થયો છું. મજૂર મહાજન સંઘ, જ્યોતિસંઘ અને બીજી ગાંધીવાદી સંસ્થાઓ-વ્યક્તિઓનો રાજપુરમાં આવરોજાવરો રહેતો. મજૂરમહાજનના નેતાઓ અરવિંદ બુચ, મનહર શુક્લ, શાંતિલાલ શાહ, નવીનચંદ્ર બારોટ તો અમારા માટે મિલના માસ્તર-મેમ્બર-મુકાદમ જેટલા પરિચિત. ચારુમતિ યોદ્ધા જેવાં મહિલા આગેવાનને પણ અહીં સાંભળ્યાં છે. આજે કલ્પના પણ ન આવે કે આ જ રાજપુરમાં શંકરાચાર્ય પણ આવેલા.’ચંદુભાઈ લખે છે તેમ કલ્પના ન આવે તેવું ઘણું તેમના વિસ્તારમાં બન્યું હતું.

ચંદુભાઈએ પોતાના વિસ્તારમાં રહેવાનો આનંદ પૂરતો લીધો છે અને તેના અનેક ઘટનાક્રમ તેમણે ટાંક્યા છે. ચંદુભાઈનાં લખાણમાં ઘટનાઓનો દોર જરાસરખો થંભતો દેખાતો નથી. તેમની બીમારી અંગે પણ તેઓ એટલા તટસ્થભાવે વાત મૂકે છે કે જાણે તેઓ બીમારીના બિછાને પણ પીડા કરતા તેમનામાં રહેલો સર્જક વધુ પ્રબળ રહ્યો હશે. ‘રુગ્ણાલય: શૈશવથી જીવનસંધ્યા લગી’નામના પ્રકરણમાં તેઓ એક ઠેકાણે લખે છે : ‘આરોગ્યમંદિરો તરીકે બિરદાવતાં દવાખાનાં મને કાયમ રુગ્ણાલયો જ લાગ્યાં છે. સામાન્ય દર્દી તરીકે, દર્દીના સ્વજન તરીકે અંદરના દર્દી તરીકે જ્યારે જ્યારે દવાખાને ગયો છું, તે વેળાનો અનુભવ પીડા અને દુ:ખથી ભરેલો રહ્યો છે. સર્જરી માટે જતાં ઍનેસ્થેશિયા અપાયા પૂર્વેની અને તેની અસરમાંથી મુક્ત થયા બાદની મનોદશા ભારે પીડાની રહી છે. મૃત્યુ કરતાં બીમારીનો ડર હંમેશાં વધુ રહ્યો છે. હૉસ્પિટલમાં દાખલ થયો છું ત્યારે ત્યારે સમય થંભી ગયાનો અને જીવન સમાપ્ત થઈ ગયાનો સતત અહેસાસ થતો રહ્યો છે. જ્વેલર્સની દુકાનો ભોંયતળિયે હોય અને લિફ્ટ વિનાની હૉસ્પિટલના ત્રીજા-ચોથા માળે સર્જરી કરાવીને ઘરે લઈ જવાતા દર્દીની હાલત જોઈને આપણા અર્બન પ્લાનિંગ પર સવાલો થયા છે. દેવદૂત ડૉક્ટરો કેવા લૂંટારા બની જાય છે તેનો પણ જાતઅનુભવ છે. મોટા ભાઈએ અને એક નજીકના મિત્રે આત્મહત્યાનો પ્રયાસ કર્યો ત્યારે કડેધડે એવી આ વ્યક્તિઓને જે શારીરિક પીડામાંથી પસાર થતાં જોઈ છે તે હચમચાવી નાખનારી હતી.’

અઢીસો પાનાંનું આ પુસ્તક પાકા પૂંઠાનું છે અને તેના કવરપેજ પર ચંદુભાઈ અને તેમના નાના ભાઈની તસવીર છે. મૂળે આ તસવીર ‘સાર્થક જલસો’માં પૂરા પરિવાર સાથેની છે, પરંતુ તેમાંથી બંને ભાઈઓની છબિ અહીં લેવામાં આવી છે. પુસ્તકના પ્રકાશક જગરનૉટ [Juggernaut] છે અને તેની કિંમત 699 રૂપિયા છે. પ્રસ્તાવનામાં અનુવાદક હેમાંગ અશ્વિનકુમારે ચંદુ મહેરિયાના જીવનકાર્ય વિશે પંદર પાનાંમાં વિગતે લખ્યું છે. પુસ્તક વિશે જેઓની નોંધ મળી છે તે શરૂઆતમાં મૂકવામાં આવી છે. તેમાં ઈતિહાસકાર રામચંદ્ર ગુહા છે, કર્મશીલ-લેખક ગણેશ દેવી, ‘કાસ્ટ : અ ગ્લોબલ સ્ટોરી’પુસ્તકના લેખક સુરજ યેન્ગડે, લેખક-સંશોધક વી. ગીથા અને પત્રકાર-લેખક ઉર્વીશ કોઠારી છે. આ નોંધોનો ગુજરાતી અનુવાદ સંજય સ્વાતિ ભાવે દ્વારા ‘ભૂમિપુત્ર’[1 જૂન, 2026]માં થયો છે. અને આ જ લેખમાં સંજયભાઈએ ચંદુભાઈના લેખનસફરની વિગત આપી છે તે ટાંકવા જેવી છે. તેઓ લખે છે : ‘ગુજરાતી દલિત સાહિત્યની એક આરંભિક અહાલેક સમા ચંદુભાઈએ સંખ્યાબંધ પુસ્તકોનું લેખન અને સંપાદન કર્યું છે, તેમ જ છાપાં-સામયિકોમાં સેંકડો વૈચારિક લેખો લખ્યા છે. ચાહીને વંચાતાં તેમનાં પુસ્તકો આ મુજબ છે : ‘સાંબરડાથી સ્વમાનનગર’(ગુજરાતમાં દલિતોએ જોરજુલમ હેઠળ કરેલી હિજરતનો ઈતિહાસ અને તેની સમીક્ષા), ‘ડૉ. આંબેડકર’(બાબાસાહેબનો ટૂંકો સર્વાંગી પરિચય), ‘પ્રાણપ્રશ્ન પાણીનો’(જળસંકટ અને જળસંરક્ષણના પ્રયોગો), ‘ચોતરફ’(અગત્યના સામાજિક પ્રશ્નોનો પરિચય અને તેમની સમીક્ષા), ‘અસ્મિતા અને વિસ્ફોટ’(દલિત કાવ્યસંચયો) અને ‘માડી મને સાંભરે રે’(દલિત લેખકોએ ‘મા’વિશે લખેલા લેખો).

ચંદુ મહેરિયાનું લખાણ બહોળું છે અને તેમાંથી તેમનું આત્મકથાનક જ ‘Homes Without Windows’માં વાંચવા મળે છે. બસ, અફસોસ એટલો જ કે હજુ આ ગુજરાતી પુસ્તક પ્રકાશિત નથી થયું. તે વહેલાસર પ્રકાશિત થાય તો ગુજરાતી વાચક પણ ચંદુભાઈના અનુભવને પોતાની ભાષામાં વાંચી શકે.



# એક નાનકડો મહામંત્ર ‘થેંક યુ’: દિલને સ્પર્શતા સોનેરી શબ્દો

**ટાઇટલ્સ: આભારનો ભાર રાખવો નહીં. (છેલવાણી)**

એક પ્રેરણાદાયક વક્તાએ મંચ પર મોટે ઉપાડે લોકોને સલાહ આપી, “તમારે સૌએ એક ટેકનિકને ધ્યાનથી ઘરમાં વાપરવાની છે.”

“કઈ?” એક શ્રોતાએ પૂછ્યું.

સ્પીકરે સમજાવ્યું, “પત્નીના વખાણ. વર્ષોથી ડિનર બનાવતી વખતે મારી પત્ની રસોડામાં ફ્રીજ, ગેસ, ડાઈનીંગ ટેબલને સ્ટોર રૂમ વચ્ચે સતત આંટાફેરા મારતી હોય છે, એક-એક વસ્તુ વારે વારે દોડીને લઈ આવે. એક દિવસ મેં એને કહ્યું- તું એક-એક વસ્તુ લાવે છે, એમાં કેટલો સમય બગડે છે. બધું એક સાથે કેમ નથી લાવતી?”

“પછી? એમણે સમય બચાવ્યો?”શ્રોતાએ પૂછ્યું.

“હા.”સ્પીકરે કહ્યું, “પહેલાં એને ડિનર બનવવામાં 20 મિનિટ લાગતી હતી, હવે હું 10 મિનિટમાં બનાવું છું!”

અર્થાત્ પેલા વાયડા સ્પીકરની પત્ની, રોજ એને સારું જમાડતી પણ એનાં વખાણ કરવાને બદલે એણે ટીકા કરી તો પત્નીને એટલું ખરાબ લાગ્યું કે હવે સ્પીકરે પોતે જ રાંધવું પડે છે.

ઈન શોર્ટ, કોઈ આપણા માટે કંઈ કરે તો આપણે માત્ર ‘થેંક યુ’ પણ ના કહી શકીએ? યુરોપ-અમેરિકા જેવા દેશોમાં લિફ્ટ ખોલનાર, બારણું ઉઘાડનાર કે સફાઈ કામદારને સહજતાથી સ્મિત ‘થેંક યુ’ કહેવાનો વણલખ્યો રિવાજ છે, જે આપણે ત્યાં જરાયે નથી. બી.એ. કે બી.કોમ. જેવા પુસ્તકિયા ભણતર સિવાયનું બેઝિક શાલિનતાનું શિક્ષણ, આપણને જરાયે શીખવવામાં આવતું નથી. જ્યારે કે આપણે ત્યાં તો ધરતી-ઝાડ-પાન-પશુ-પક્ષીને સુદ્ધા પૂજવાની પરંપરા રહી છે પણ આપણાં પોતાના માણસોને ‘માણસ’ તરીકે આદર આપવાનું આપણને સુઝતું નથીને વરસોથી વાતો તો ‘વસુધૈવ કુટુંબકમ્બ’ની કરીએ છીએ.

આમ તો બોલીવૂડમાં ઘણાં સફળ સ્ટાર્સ છે પણ શાહરૂખ કે અમિતાભ બીજા કલાકારો કરતાં એટલે વખણાય છે કે શૂટિંગ પતે ત્યારે આખા યુનિટને ‘થેંક્સ’ કહીને સૌને શેર લોહી ચઢાવે છે. 82માં વરસે પણ અમિતાભને પર્સનલી ઓળખનારા લોકો જો એમને શુભેચ્છા મોકલે તો તરત જ એમનો ‘થેંક યુ’નો મસેજ આવી જાય. અહીં વાત ‘ક્લાસ’ની છે, જેના ‘ક્લાસ’ આપણે ત્યાં શાળા-કોલેજમાં લેવાતા નથી. આપણું ભણતર, માર્કશીટને બે ટંકના રોટલા રળવા સુધીમાં હાંફી જાય છે.

ફ્રેન્ચ ફિલોસોફર આલ્ફ્રેડ પેઈન્ટરે કહ્યું છે, ‘થેક યુ’ કહેવું એ સારા વર્તન કરતાં વધીને એક આધ્યાત્મિક પ્રક્રિયા છે.” ખરેખર, સંતુરના સ્વર જેવા ‘થેંક યુ’ના બે શબ્દો, સુણનારના આત્માને અજબનું ઓક્સિજન આપે છે.

**ઈંટરવલ:**

**એહસાન મેરે દિલ પે તુમ્હારા હૈ દોસ્તોં,**
**યે દિલ તુમ્હારે પ્યાર કા મારા હૈ દોસ્તોં. (હસરત)**

અમેરિકાના એક શહેરમાં મોડી સાંજે એક કદાવર સ્ત્રી ખભે ભારી પર્સ લટકાવીને જંઇ રહી હતી ને પાછળ 12-13 વરસનો છોકરો એનો પીછો કરતો હતો. પછી એણે ઝાપટ મારીને પેલીની પર્સ ચોરવાની કોશિશ કરી. કદાવર સ્ત્રીએ છોકરાને લાત મારીને પછાડી દીધો અને પર્સમાંનો સામાન બહાર પડી ગયો. એક સિક્કો, રૂમાલ અને એક પૉકેટબૂક. સ્ત્રીએ છોકરાને લાત મારીને પર્સ ઉપાડવા ને સામાન ભરવા કહીને પૂછ્યું, “શરમ નથી આવતી ચોરી કરતા?”

‘ના’ છોકરાએ કહ્યું.

સ્ત્રીએ એને બાવડાંથી પકડીને ઢસડ્યો ત્યારે છોકરાએ પૂછ્યું- “તમે મને પોલિસ પાસે જેલમાં નાખશો?”

પેલીએ છોકરા સામે જોઈને કહ્યું, “આવા ગંધારા ડાચે તો નહીં જ. તારા ઘરે કોઈ તને નવડાવતું નથી?”

છોકરાએ કહ્યું, “મારાં ઘરે કોઈ નથી!”

સ્ત્રીએ પૂછ્યું, “ભૂખ લાગી છે?”

પેલાએ કહ્યું, “ના, મને બસ છોડી દો.”

સ્ત્રીએ એનું નામ પૂછ્યું. એ રોજર હતો. પેલીએ કહ્યું, “તારી ઉંમરનો મને દીકરો હોત તો મેં એને સમજવ્યું હોત કે ચોરી કેવી ખરાબ આદત છે.”

પછી એ સ્ત્રી, મિસિસ જોન્સ, રોજરને ઘરે લઈ ગઈ અને પૂછ્યું, “તારે શા માટે ચોરી કરવી હતી? મારી પર્સમાં તો ખાલી એક પૉકેટબૂક હતી, એને વેંચીને તને શું મળત?”

**મિસિસ જોન્સને સમજાવ્યું, ચોરીના પૈસાથી ખરીદેલા જૂતાં તારા પગને જ નહીં આત્માને બાળી નાખત.**

રોજરે કહ્યું, “મારે બ્લુ રંગના શુઝ ખરીદવા હતા.”

મિસિસ જોન્સને સમજાવ્યું, “ચોરીના પૈસાથી ખરીદેલા જૂતાં તારા પગને જ નહીં આત્માને બાળી નાખત. ચલ, હવે તારા ઘરે કોઈ નથી તો અત્યારે તને ખાવાનું તો નહીં જ મળે. હું જમવાનું બનાવું છું.”

રોજર બીતાં બીતાં ફરી પૂછ્યું, “તમે મને જેલમાં નાખશો?”

“પહેલાં મોં ધોઈને જમી લે.”

મિજાજ મસ્તી
સંજય છેલ

મિસિ જોન્સ, રોજરને ટુવાલ આપીને બાથરૂમમાં મોં ધોવા કહે છે ને રસોડામાં જાય છે. રોજરને થાય છે કે- બારણું ખુલ્લું છે, ભાગી જવાશે..પણ કોણ જાણે કેમ એ ભાગતો નથી એના પગ જ ઉપડતા નથી!

પછી ઘણાં દિવસે રોજર પેટ ભરીને જમે છે, મિસિસ જોન્સ એને શુઝ ખરીદવા માટે 10 ડોલર આપે છે ને બારણાં સુધી મૂકવા આવે છે. રોજરની ખૂબ ઈચ્છા થઈ આવી કે એ એકવાર જોન્સને કશુંક કહેપણ એનો જાણે અવાજ જ રુંધાઈ ગયો. એનાથી કશું બોલાયું જ નહીં. અંધારિયા રસ્તા પર રોજરે પાછળ વળીને જોયું તો પેલી સ્ત્રી ઉંબરે ઉભી હતી અને અહિંયા વાર્તાકાર ‘લેંગસ્ટન હ્યુજીસ’લખે છે- કોણ જાણે કેમ પણ રોજર ત્યારે બોલી શક્યો નહીં કે- ‘થેંક્યું મેડમ!’અને પછી ક્યારેય એણે મિસિસ જોન્સને મોં દેખાડ્યું નહીં.

આપણાં સૌના જીવનમાં પણ ‘થેંક યુ’ કહેવાના કેટકેટલા મોકા ચૂકી જવાતા હોય છે ને? આવી ચૂકી જવાયેલી ક્ષણોની દાસ્તાન જ તો ખરેખર આપણી અધૂરપભરી જિંદગી છે...પણ જાણે-અજાણે કોઈએ કરેલ નાની-મોટી મદદ, ઉપકાર કે કોઈની ઉષ્મા કે કોઈએ આપેલી પ્રેમની બે પળ માટે ‘થેંક યુ’ કહેવાનું ચૂકતા નહીં, નહીંતર જીવનની અંતિમ ઘડી સુધી હજારો વીંછીના ડંખ જેમ ડંખ્યા કરશે.

**એંડ-ટાઇટલ્સ:**
**ઈવ: કાલે મારું મૌનવ્રત છે.**
**આદમ: થેંક યુ.**

# ઈંગ્લિશ ક્રિકેટ ફરી મુશ્કેલીમાં : વધુ એકવાર બેન સ્ટોક્સ વિવાદના કેન્દ્રમાં

ઈંગ્લિશ ક્રિકેટ ફરી એકવાર વિવાદોમાં સપડાયું છે. એશિઝ પ્રવાસ દરમિયાન ખેલાડીઓ દ્વારા વધુ પડતો દારૂ પીવાના અને બિન-વ્યાવસાયિક વર્તનના અહેવાલોથી સર્જાયેલા વિવાદમાંથી માંડ બહાર આવ્યા બાદ, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) આંતરરાષ્ટ્રીય સિઝનની શરૂઆતના પહેલા જ અઠવાડિયે નવી મુશ્કેલીમાં મુકાયું છે. આ વખતે ફરી એકવાર ખુદ ટીમનો કેપ્ટન જ વિવાદના કેન્દ્રમાં છે. લાંબા સમયથી ઈંગ્લિશ ક્રિકેટનો મુખ્ય ચહેરો રહેલા બેન સ્ટોક્સને ટેસ્ટ ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો છે. તેણે પોતે જ તૈયાર કરેલા કર્ફ્યુના નિયમોનો ભંગ કર્યો હતો. રવિવારે ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીની પ્રથમ મેચમાં જીત મેળવ્યા બાદ, તે પોતાના સાથી ખેલાડી ગસ એટકિન્સન સાથે મોડી રાત્રે ક્લબમાં પાર્ટી કરવા ગયો હતો.

ખેલખેલમેં

લંડનની એક નાઈટક્લબમાં મધ્યરાત્રિ પછી બનેલી આ ઘટનામાં સ્ટોક્સની ચોક્કસ ભૂમિકા શું હતી તે હજુ સ્પષ્ટ નથી થયું. પરંતુ, એટલું ચોક્કસ છે કે તેની ત્યાં હાજરીને કારણે ઈંગ્લેન્ડની લીડરશિપ ટીમ ફરી એકવાર મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ ગઈ છે - ખાસ કરીને એવા સમયે જ્યારે તેઓ એવો દાવો કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે તેમણે ભૂતકાળની ભૂલોમાંથી પાઠ શીખ્યો છે. ઈંગ્લેન્ડના ડિરેક્ટર ઓફ ક્રિકેટ રોબ કીએ ગુરુવારે જણાવ્યું હતું કે, અમે જે બાબતો સુધારવા પર કામ કરી રહ્યા હતા... એવું લાગે છે કે કોઈએ અમારા મોઢા પર જોરદાર તમાચો માર્યો છે.



## ઇંગ્લિશ ક્રિકેટ શા માટે સુધારાના તબક્કામાંથી પસાર થઈ રહ્યું હતું?

આ ઉનાળાની સિઝનને ઇંગ્લેન્ડની ટીમ માટે એક નવી શરૂઆત માનવામાં આવતી હતી, કારણ કે ઓસ્ટ્રેલિયાના એશિઝ પ્રવાસમાં મેદાન પર અને મેદાનની બહાર ટીમનું પ્રદર્શન ખૂબ જ શરમજનક રહ્યું હતું. ઈંગ્લેન્ડ આ શ્રેણી 4-1થી હાર્યું એટલું જ નહીં, પરંતુ ખેલાડીઓની શિસ્ત અને દારૂ પીવાની કલ્ચરને લઈને પણ સવાલો ઉઠ્યા હતા. એક વીડિયો સામે આવ્યો હતો જેમાં બેન ડકેટ નશાની હાલતમાં પોતાની હોટેલનો રસ્તો પણ ભૂલી ગયો હોય તેવું લાગતું હતું. અન્ય એક સોશિયલ મીડિયા વીડિયોમાં બેટર જેકબ બેથેલ ક્લબમાં ડાન્સ કરતો જોવા મળ્યો હતો. આ ઘટનાઓ ત્યારે બની જ્યારે ઈંગ્લેન્ડ શ્રેણીમાં 2-0થી પાછળ હતું. આ શરમજનક પ્રવાસ પૂરો થયા બાદ, હેરી બ્રૂકે પણ ન્યૂઝીલેન્ડના ટૂંકા પ્રવાસ દરમિયાન એક નાઈટક્લબના બાઉન્સર સાથે થયેલી ઝઘડા બદલ માફી માગી હતી. ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમના વાઈસ કેપ્ટન અને વનડે-ટી૨૦ના કેપ્ટન બ્રૂકને ક્લબમાં પ્રવેશ ન મળતા બાઉન્સર સાથે બોલાચાલી થઈ હતી અને બાઉન્સરે તેને માર માર્યો હતો. એશિઝની આ હારની સમીક્ષા બાદ પણ કેપ્ટન બેન સ્ટોક્સ, રોબ કી અને કોચ બ્રેન્ડન મેક્કુલમમાંથી કોઈને પણ પદ પરથી હટાવવામાં આવ્યા નહોતા. ECBના ચીફ એક્ઝિક્યુટિવ રિચાર્ડ ગોલ્ડે ત્યારે કહ્યું હતું કે, અમારી લીડરશિપ ટીમ એશિઝની ભૂલોમાંથી શીખીને આગળ વધવા માટે પ્રતિબદ્ધ છે.

**એશિઝ પ્રવાસ દરમિયાન ખેલાડીઓ દ્વારા વધુ પડતા શરાબ સેવનની ઘટનાનો વિવાદ હજુ તો માંડ થાળે પડ્યો છે, ત્યાં હવે બેન સ્ટોક્સનો ચેલ્સીના પબમાં રગ્બી ખેલાડી સાથે મારામારીનો નવો વિવાદ સામે આવ્યો છે અને તેના કારણે ECB માટે ફરી એકવાર નીચાજોણું જેવી સ્થિતિ સર્જાઇ છે**

## સ્ટોક્સ અને એટકિન્સનની નાઇટ આઉટની ઘટના

એશિઝ પ્રવાસ પછી લેવાયેલા નિર્ણયોમાંનો એક એ હતો કે મેચો દરમિયાન ખેલાડીઓ માટે મધ્યરાત્રિ (રાત્રે ૧૨ વાગ્યા) નો કર્ફ્યુ ફરીથી લાગુ કરવો, જે ૨૦૨૨માં હટાવી દેવાયો હતો. પરંતુ આ નિયમ બન્યાને બહુ સમય નથી થયો ત્યાં ખુદ કેપ્ટને જ તેનો ભંગ કર્યો. લોર્ડ્સમાં ન્યૂઝીલેન્ડને હરાવ્યા બાદ સ્ટોક્સે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, જ્યાં સુધી હું સાથી ખેલાડીઓ સાથે બેસીને બિયર નહીં શેર કરું ત્યાં સુધી મને પૂરો આનંદ નહીં આવે. આ વાત રવિવારે બપોરની હતી. એવું લાગે છે કે તે મોડી રાત સુધી બહાર રહ્યો અને એટકિન્સન સાથે એક ક્લબમાં પહોંચ્યો. ત્યાં બ્રિટિશ ક્લબ ‘સારાસેન્સ’ના એક રગ્બી ખેલાડી સાથે થયેલી અથડામણમાં ઈંગ્લેન્ડ ટીમના સિક્યોરિટી સ્ટાફના એક સભ્યને ઈજા થઈ હતી અને તેને તબીબી સારવાર આપવી પડી હતી. ECBએ સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓ ટીમના નિયમોના ભંગની તપાસ કરી રહ્યા છે અને સ્ટોક્સ તથા એટકિન્સન સોમવારે વહેલી સવારે નાઈટક્લબમાં હાજર હતા જ્યારે આ ઘટના બની હતી. બુધવારે બંનેને બીજી ટેસ્ટ મેચમાંથી પડતા મૂકવામાં આવ્યા હતા. એવા પણ અહેવાલો છે કે સ્ટોક્સ પોતાના ટેસ્ટ ભવિષ્ય અંગે વિચારી રહ્યો છે, જોકે રોબ કીએ કહ્યું કે સ્ટોક્સે તેમને આવી કોઈ વાત કરી નથી. કીએ ઉમેર્યું કે, “બેન અને મેં આ ટીમને સુધારવા માટે ખૂબ મહેનત કરી છે. મારા માટે સૌથી મોટો આંચકો એ છે કે આમાં બેન પોતે સામેલ હતો.” તેમણે એમ પણ જણાવ્યું કે ECB હવે ટીમ પર સંપૂર્ણ દારૂબંધી લગાવવાનું વિચારી રહ્યું છે.

## બેન સ્ટોક્સનું ભવિષ્ય શું?

હવે આ સૌથી મોટો પ્રશ્ન છે. માઈકલ વોન, માઈકલ આથરટન અને નાસિર હુસૈન જેવા ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટનોનું કહેવું છે કે ૩૫ વર્ષના સ્ટોક્સે જે કર્યું તે ખોટું હતું, પરંતુ તેના માટે તેને કેપ્ટન પદ પરથી હટાવી દેવો ન જોઈએ. તેઓ ઈચ્છે છે કે સ્ટોક્સ કેપ્ટન તરીકે ચાલુ રહે. ૨૦૨૭માં ઈંગ્લેન્ડમાં એશિઝ સિરીઝ રમાવાની છે, જેને સ્ટોક્સ ભૂતકાળની ભૂલો સુધારવાની તક તરીકે જોઈ શકે છે. આ વિવાદ તેને પોતાની બેટિંગ ફોર્મ પાછી મેળવવા માટે એક વર્ષનો સમય પણ આપશે, કારણ કે નવેમ્બર ૨૦૨૪ પછી રમેલી ૨૩ ટેસ્ટ ઈનિંગ્સમાં તે માત્ર એક સદી અને બે અડધી સદી જ બનાવી શક્યો છે.